# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૮/૦૧/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા અઠવા ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૦૬ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | કૈલાસ આઈસ્ક્રીમ | જડાવ પોઈન્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | મોમોસ કટ | જડાવ પોઈન્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | શાયોના ફાસ્ટફુડ | જડાવ પોઈન્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | જોગેશ્વરી નાસ્તા સેન્ટર | જડાવ પોઈન્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૫. | અગ્રવાલ ખાના ખજાના | જડાવ પોઈન્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૬. | જય માતાદી ટ્રેડર્સ (પતંજલી) | જડાવ પોઈન્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૭. | ગુડવીલ ફાસ્ટફુડ કોર્નર | જડાવ પોઈન્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |
| ૮. | બ્લુ એપલ સોડા | જડાવ પોઈન્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |
| ૯. | ન્યુ રમેશ મીઠાઈ | મધુરમ એપાર્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૦. | મધુરમ રેસ્ટોરેન્ટ | મધુરમ એપાર્ટ, ભટાર રોડ, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૦૭(રામપુરા), નોંધ નં.૧૧૩૪/૨, ધોબીની વાડી વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૧૯/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત છઠ્ઠા માળે આશરે ૧૨૦૦ ચો.ફુટ સેન્ટરીંગ, શટરીંગ દુર કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

મ્યુનિ. કમિશ્નરશ્રીનાં આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ખટોદરા ,ઉધના ,પાંડેસરા, ઉન,બમરોલી,વડોદ વિગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી વેરો ભરપાઈ નહી કરનાર મિલકતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જે અંતર્ગત પ્રથમ તબક્કામાં ગત માસ દરમ્યિાન ૧૭૮ મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી કરી વસુલાત કરેલ છે કર્યા બાદ સતત આ કામગીરી ચાલુ રહેલ જેમાં બીજા તબક્કામાં ચાલુ માસમાં આજદિન સુધી કુલ ૯૭૨ જેટલી મિલ્કતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે પૈકી ૯૬૪ મિલ્કતોના મિલ્કતદારોએ સ્થળ પર વેરો ભરપાઈ કરતા રૂા.૩,૦૯,૮૧,૦૦૦/– જેટલી રકમની વસુલાત થયેલ. જયારે ૭ જેટલી મિલ્કતોને સીલ કરેલ છે.

વધુમાં ગાંધીકુટીર વિસ્તારમાં રહેણાંક મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરાયેલ સદર કર્યવાહી દરમ્યાન ૧૫ જેટલા મિલકતદારોએ સ્થળ પર વેરો ભરપાઈ કરતા ૧.૫ લાખ જેટલા રોકડ/ચેક વસલાત થયેલ છે અને ગાંધીકુટીર ઉધના પ્લોટ નં. ૩૫૭, ૪૨૨ ,૪૪૭, ૪૪૮, ૪૬૧, ૬૫૯ અને ૬૬૦ સ્થિત કુલ ૦૭ જેટલી મિલકતોના નળ કનેકશન કાપેલ છે.

સાઉથઝોન(ઉધના)ના આકારણી અને વસુલાત ધ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં ચાલુ માસ દરમ્યાન આજ દિન સુધી રૂપિયા ૫.૪૯ કરોડ વસુલાત થયેલ અને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તા.૧૮/૦૧/૨૦૧૯ સુધીમાં રૂપિયા કુલ ૧૭૫.૬૩ કરોડ જેટલી વસુલાત થયેલ છે. હજુ પણ મિલ્કત વેરો / વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી બાકી દારોએ તેઓના બાકી મિલ્કત વેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

# <u>પ્રેસનોટ</u>

**સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૧૯/૦૧/૨૦૧૯ ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા), ઉમરવાડા (ચીમની ટેકરા) તથા ફતેહભાઈ કોલોની, કમેલા દરવાજા પાસે આવેલ અનઅધિકૃત ટ્રાન્સપોર્ટ ગોડાઉનને સીલ મારવાની કામગીરીની વિગત.**

સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૧૯/૦૧/૨૦૧૯ ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા) ઉમરવાડા (ચીમની ટેકરા) તથા ફતેહભાઈ કોલોની, કમેલા દરવાજા પાસે આવેલ અનઅધિકૃત ટ્રાન્સપોર્ટ ગોડાઉનને સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ કુલ–૨૭ જેટલા ગોડાઉનને સીલ કરવામાં આવેલ છે. સદર કામગીરી સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન, સુરત મહાનગરપાલિકાના સીકયોરીટી સ્ટાફ, શહેર વિકાસ તથા દબાણ વિભાગના સ્ટાફને સાથે રાખી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના મે.ડે.કમિશ્નરશ્રી(ડી) ના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે કરવામાં આવેલ છે.

:: પ્રેસનોટ ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૨મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૧૯ના રોજ યોજાનાર પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમ.

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૨મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક ખાતે પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુષ્પાંજલી અર્પણ કરી વંદના કરવામાં આવશે. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ સુભાષચંદ્ર બોઝના જીવન પર વકતવ્ય રજુ કરશે. માતૃભૂમિની મુકિત માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ ઉજવણી કાર્યક્રમમાં સહભાગી થવા ગોપીપુરા સુભાષચોક ખાતે ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચાર યાદી નં. 97, તા. [illegible]૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# <u>પ્રે સ નો ટ</u>

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૧૯/૦૧/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા કતારગામ ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી કુલ ૩ સંસ્થામાં આરોગ્યલક્ષી ખામી જણાતાં નોટીસ આપવામાં આવેલ તેમજ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૦૬ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | સોમનાથ રેસ્ટોરેન્ટ | સંતકૃપા એપાર્ટ, અમરોલી, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે.<br>નોટીસ આપેલ છે. |
| ૨. | નવકાર ટ્રેડર્સ | મહાવીર શોપીંગ સેન્ટર, અમરોલી, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | રામદેવ ટી હાઉસ | મહાવીર શોપીંગ સેન્ટર, અમરોલી, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | અતુલ બેકરી | મહાવીર શોપીંગ સેન્ટર, અમરોલી, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૫. | અંબિકા રેસ્ટોરેન્ટ | માનસરોવર શોપીંગ સેન્ટર, અમરોલી, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૬. | ભરકાદેવી આઈસક્રીમ | માનસરોવર શોપીંગ સેન્ટર, અમરોલી, સુરત | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૭. | ઓસ્ડ બોમ્બે આઈસક્રીમ | મહાવીર શોપીંગ સેન્ટર, અમરોલી, સુરત | નોટીસ આપેલ છે. |
| ૮. | ગોપાલ હોટલ | સાંઈઆશિષ કોમ્પલેક્ષ, અમરોલી, સુરત | નોટીસ આપેલ છે. |
| ૯. | વૈભવ વડાપાંઉ | મહાવીર શોપીંગ સેન્ટર, અમરોલી, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૦. | બોમ્બે સ્પે ભેલ હાઉસ | મહાવીર શોપીંગ સેન્ટર, અમરોલી, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૧. | ક્રિષ્ણા જનરલ સ્ટોર્સ | માનસરોવર શોપીંગ સેન્ટર, અમરોલી, સુરત | સંસ્થા ચેક કરેલ છે. |

# સુરત મહાનગરપાલિકા

**યુ.સી.ડી. વિભાગ**

**<u>અખબારી યાદી</u>**

**સરથાણા કોમ્યુનિટી હોલ, સરથાણા જકાતનાકા, નાના વરાછા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.**

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર ***તા.૨૧/૦૧/૨૦૧૯ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન સરથાણા કોમ્યુનિટી હોલ, સરથાણા જકાતનાકા, નાના વરાછા, સુરત*** ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સેવાસેતુ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેનશ્રી અનીલભાઈ ગોપલાણીએ જણાવ્યુ કે રાજય સરકાર સતત લોકોને સુખી અને સ્વાવલંબી બનાવવા પ્રયત્નશીલ રહી છે. લોકોની વિવિધ યોજનાઓ તથા તેના લાભ લેવા જરૂરી પ્રમાણપત્રો મેળવવાની મૂશ્કેલીને સમજી 'લોકોના સુખે સુખી અને લોકોના દુ:ખે દુ:ખી' એવી રાજય સરકાર 'સેવાસેતુ' કાર્યક્રમ થકી લોકોને સરળતાથી, એક જ સ્થળે વિવિધ સેવાઓનો લાભ મળી રહે તેવુ આયોજન કર્યુ છે. વધુમાં ચેરમેનશ્રીએ જણાવ્યુ હતુ કે સુરત મહાનગરપાલિકાના સુવ્યવસ્થિત આયોજન થકી અત્યાર સુધીમાં ચાર તબકકામાં ૧,૨૫,૦૦૦/- થી વધુ લોકોને વિવિધ સેવાનો લાભ અપાવી રાજયભરમાં નોંધપાત્ર કામગીરી કરવા બદલ સેવાસેતુ કાર્યક્રમ સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા કાર્યકર્તાઓની સેવાને બીરદાવી હતી. કાર્યક્રમમાં આવકાર પ્રવચન કરતા સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રીમતિ રશ્મીકાબેન પટેલે જરૂરીયાતમંદ લોકોને લાભ અપાવવા અપીલ કરી હતી. આભારવીધી સદસ્ય શ્રીમતિ કૈલાસબેન ભાલીયાએ કરેલ. આ સેવાસેતુ કાર્યક્રમમાં મ્યુ.સદસ્ય શ્રીમતિ અસ્મીતાબેન શીરોયા, શ્રીમતિ રમીલાબેન પટેલ તથા નગરપ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્યશ્રી રમેશભાઈ ભુવાએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ, આરટીઓ, વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ **૧૮૦૦** લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., મા વાત્સલ્ય કાર્ડ, મા અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૬૯૯
તા. ૨૧/૦૧/૨૦૧૯






સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

માન.મ્યુ.કમિશનરશ્રીની મંજુરી મુજબ સુરત મહાનગરપાલિકાની 'સુરત સોનાની મુરત' પુસ્તિકા સુરત મહાનગરપાલિકાના તમામ નાગરિક સુવિધા કેન્દ્રો તથા (૧) રેકર્ડ વિભાગ, ભંડારી વાડ નાનપુરા (૨) સાયન્સ સેન્ટર, સીટી લાઈટ, અઠવા લાઈન્સ અને (૩) કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય, ઘોડ દોડ રોડ, અઠવા લાઈન્સ ખાતે જાહેર જનતાને નંગ–૦૧ (એક)ના રૂા.૧,૦૦૦/–(રૂપિયા એક હજાર પુરા) લેખે વેચાણથી મુકવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૨૧/૦૧/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા વરાછા ઝોન અને અઠવા ઝોન વિસ્તારમાં કુલ ૨૩ સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીસ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૧૫ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | બેકર્સ બંચ | આગમ આર્કેડ, વેસુ મેઈન રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | બોમ્બે પાન એન્ડ કોલ્ડ્રીંકસ | પૂજા અભિષેક એપા., વેસુ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | હરી ઓમ પ્રોવીઝન સ્ટોર | પૂજા અભિષેક એપા., વેસુ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | સ્વસ્તિક ફુડસ | પૂજા અભિષેક એપા., વેસુ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૫. | શ્રી નિલકંઠ આઈસક્રીમ | પૂજા અભિષેક એપા., વેસુ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૬. | હરી ઓમ ફાસ્ટ ફુડ | પૂજા અભિષેક એપા., વેસુ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૭. | લક્ષ્મી ડેરી એન્ડ સ્વીટસ | પૂજા અભિષેક એપા., વેસુ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૮. | ગ્રોવર'સ તંદુરીશાલા | આગમ આર્કેડ, વેસુ મેઈન રોડ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૯. | ગોપીનાથ ફરસાણ માર્ટ | આગમ આર્કેડ, વેસુ મેઈન રોડ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૦. | બિનાયક સાઉથ ઈન્ડીયન કેફે | આગમ આર્કેડ, વેસુ મેઈન રોડ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૧. | વિજય બનારસી પાન હાઉસ | આગમ આર્કેડ, વેસુ મેઈન રોડ, સુરત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૨. | જય ગોગા ફાસ્ટ ફુડ | જલારામ નગર, ડુંભાલ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૩. | આનંદ આમલેટ સેન્ટર | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૪. | રોનક આમલેટ સેન્ટર | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૫. | એમ.ડી.એગ કાફે | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૬. | સુરેન્દ્ર આમલેટ સેન્ટર | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૭. | રજવાડી એગ ઝોન | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૮. | લાલુ આમલેટ સેન્ટર | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૯. | એકતા આમલેટ સેન્ટર | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૦. | ઠાકરે આમલેટ સેન્ટર | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૧. | ગુજરાત આમલેટ | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૨. | રાહુલ આમલેટ સેન્ટર | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨૩. | ભુરા આમલેટ સેનટર | પુણાગામ–સારોલી રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>દબાણ દુર કર્યાની વિગત</u> :–**

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં તા.૨૨/૦૧/૧૯ ના રોજ શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ તેમજ વોચ એન્ડ વોર્ડ વિભાગના સ્ટાફ ધ્વારા સેન્ટ્રલ ઝોનમાં સમાવિષ્ટ દીલ્હીગેટ થી લાલદરવાજા, ગોટાલાવાડી,દારૂવાળા પેટ્રોલપંપ, ફાલસાવાડી, રાજમાર્ગ, ચોકબજાર,મકકાઈપુલ તેમજ ચૌટાપુલ પરથી દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ. જેમાં કુલ્લે ખુલ્લી/બંધ લારી– ૧૨ અને અન્ય પરચુરણ સામાન નંગ–૨૦૦ જમા લઈ દંડ પેટે રૂા.૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

૭૦૩

:: પ્રેસનોટ ::

## "સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તકમેળાના સેમીનાર હોલમાં યોજાનાર સ્પર્ધાઓ અને કાર્યક્રમો.

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ, ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિદ્યાર્થીઓ અને કલાકારોમાં છુપાયેલી સર્જનશીલતાને બહાર લાવવા બુક રીવ્યુ કોમ્પીટીશન, ગ્રૂપ ડિસ્કશન કોમ્પીટીશન, રંગપુરણી હરિફાઈ, જનરલ નોલેજ ક્વીઝ કોમ્પીટીશન, દેશભકિત ગીત આધારિત ગ્રૂપ ડાન્સ કોમ્પીટીશન, સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા, ચિત્રકામ સ્પર્ધા તથા યોગા શો અને ઓરકેસ્ટ્રા વિગેરે કાર્યક્રમો યોજવામાં આવનાર છે. ગાર્ડન વિભાગ દ્વારા તાજા ફુલોની ગોઠવણી, ફુલોના ગજરા/ફુલોની વેણી, ઔષધિય વનસ્પતિના કુંડા, સુકા ફુલોની ગોઠવણી, સલાડ ડેકોરેશન, ફુલોના હાર/તોરણ જેવી પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી હરીફાઈઓ યોજાશે. મેળામાં પ્રવેશ વિનામુલ્યે રાખવામાં આવેલ છે અને મેળાનો સમય સવારે ૧૧.૦૦ કલાકથી રાત્રે ૧૦.૦૦ કલાક સુધીનો રહેશે. "જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાતા આ સાંસ્કૃતિક રસાસ્વાદને માણવા" જાહેર જનતાને નિમંત્રણ છે તથા રજીસ્ટ્રેશન કરાવેલ સ્પર્ધકોએ સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

| ક્રમ | તારીખ / વાર | સ્પર્ધા / કાર્યક્રમ | |
|---|---|---|---|
| | | બપોરે ૩.૦૦ કલાકે | સાંજે ૭.૦૦ કલાકે |
| ૧ | ૨૪/૦૧/૨૦૧૯ ગુરૂવાર | બુક રીવ્યુ કોમ્પીટીશન (માધ્યમિક વિભાગ, કોલેજ વિભાગ અને ખુલ્લો વિભાગ) | ગ્રૂપ ડિસ્કશન કોમ્પીટીશન (ધો.૫ થી ૧૨) |
| ૨ | ૨૫/૦૧/૨૦૧૯ શુક્રવાર | રંગપુરણી સ્પર્ધા (ધો.૧ થી ૪) | જનરલ નોલેજ ક્વીઝ કોમ્પીટીશન (ધો.૮ થી ૧૨) |
| ૩ | ૨૬/૦૧/૨૦૧૯ શનિવાર | — | દેશભકિત આધારિત ગ્રૂપ ડાન્સ કોમ્પીટીશન (ધો. ૫ થી ૧૨) |
| ૪ | ૨૭/૦૧/૨૦૧૯ રવિવાર | સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા (ધો.૫ થી ૧૨) | કરાટે / યોગા શો |
| ૫ | ૨૮/૦૧/૨૦૧૯ સોમવાર | ચિત્રકામ સ્પર્ધા (ધો.૯ થી ૧૨ અને ખુલ્લો વિભાગ) | ચાન્સ એકેડમી દ્વારા ઓરકેસ્ટ્રા કાર્યક્રમ |

સમાચાર યાદી નં.7 0 3 =, તા.૨૩/૦૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

:: પ્રેસનોટ ::

## :: "નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ" ::

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૨મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૨૩/૦૧/૨૦૧૯ના રોજ યોજાયેલ પુષ્પાંજલી સહ વંદના કાર્યક્રમ.

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૨મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક, સુરત ખાતે પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને માન.મેયરશ્રી ડો.જગદીશ પટેલ, માન.ડે.મેયરશ્રી નિરવ શાહ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ તથા સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી અર્પણ કરી વંદના કરી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓએ માતૃભૂમિની મુક્તિ માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝના જીવન પર વકતવ્ય રજૂ કરી 'તુમ મુજે ખૂન દો, મે તુમ્હે આઝાદી દુંગા', 'આઝાદી અમર રહો' જેવા રાષ્ટ્રીય નારાઓથી નેતાજીને યાદ કર્યા હતા.

સમાચાર યાદી નં. 704 = , તા.૨૩/૦૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.



# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## **ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૧૧૧/અ/૨૬,૨૪૨૭/અ/૧/અ/૧/૨ વાળી મિલ્કતમાં સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૩/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમા માળે આશરે ૬૫૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા આશરે ૧૫૦ ચો.ફુટ ચણતરની દિવાલ દુર કરવામાં આવેલ છે. સદર મિલ્કતમાં ડિમોલીશન પેટે મિલ્કતદાર પાસે કુલ રૂ.૨૫,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૨૨/૦૧/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા ઉધના ઝોન વિસ્તારમાં કુલ ૧૩ સંસ્થાઓની સ્થળ તપાસ કરી આરોગ્યલક્ષી ખામીઓ જણાતાં ૪ સંસ્થાઓને નોટીસ આપવામાં આવેલી છે તેમજ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીશ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૯ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | દિલ્લી ચાટ સેન્ટર | સાંઈ સૃષ્ટી રેસી., ભેસ્તાન, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | સીનાઈ બેકરી એન્ડ કરીયાણા સ્ટોર્સ | સાંઈ સૃષ્ટી રેસી., ભેસ્તાન, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | શ્રી જનતા આઈસક્રીમ | સાંઈ સૃષ્ટી રેસી., ભેસ્તાન, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | કૈલાશ આઈસક્રીમ | સાંઈ સૃષ્ટી રેસી., ભેસ્તાન, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૫. | ભેરૂનાથ કિરાણા એન્ડ જનરલ સ્ટાર્સ | સાંઈરાજ રેસી., ભેસ્તાન, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૬. | શારદા સ્ટોર્સ | સાંઈરાજ રેસી., ભેસ્તાન, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૭. | આદર્શ બેકરી એન્ડ સુપર જનરલ સ્ટોર્સ | સાંઈરાજ રેસી., ભેસ્તાન, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૮. | ભેરૂનાથ સુપર સ્ટોર્સ | સાંઈરાજ રેસી., ભેસ્તાન, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૯. | શ્રી સિધ્ધી સુપર સટોર્સ | સાંઈરાજ રેસી., ભેસ્તાન, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૦. | આશાપુરી ટી સેન્ટર | સાંઈ સૃષ્ટી રેસી., ભેસ્તાન, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૧. | ટેસ્ટી ફાસ્ટફુડ ઝોન | સાંઈ સૃષ્ટી રેસી., ભેસ્તાન, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૨. | હરી ઓમ ફાસ્ટ ફુડ | સાંઈ સૃષ્ટી રેસી., ભેસ્તાન, સુરત. | નોટીસ આપેલ છે. |
| ૧૩. | ઝમઝમ ચીકન સેન્ટર | હરીનગર–૩, ઉધના,સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |

# પ્રેસ નોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થ ઝોન(કતારગામ) ના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૫૧(ડભોલી) ના ફા.પ્લોટ નં. ૧૩૪/એ થી ૨૦૮ સુધીના ૨૪.૦૦ મીટરના ટી.પી.રસ્તામાં આવતા વર્ષો જુના રબારી વસાહતના કુલ ૧૮ તબેલાઓ તથા આશરે ૫૦ ઝુંપડાઓના દબાણને કારણે, સદર ટી.પી. રસ્તો બોટલનેક થવાથી ડભોલી વિસ્તારમાં ટ્રાફીક જામની ગંભીર સમસ્યાઓ ઉદ્દભવેલ હતી, જેના નિરાકરણ માટે નોર્થ ઝોન (કતારગામ) ના ઝોનલ ચીફશ્રીની સુચના અન્વયે અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તા : ૨૩/૦૧/૨૦૧૮ ના રોજ પોલીસ સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાના સિકયુરીટી સ્ટાફની મદદથી આશરે ૨૬૦૦૦.૦૦ ચો.ફુટ જેટલી ટી.પી. રસ્તાની જગ્યાનો પ્રત્યક્ષ કબ્જો મેળવવામાં આવેલ છે.

સદર રસ્તો ડભોલી ગામ તરફ જતાં બી.આર.ટી.એસ. રોડને જોડતો લીંક રસ્તો હોય તેમજ ડભોલી–જહાંગીરપુરા બ્રીજને પણ મળતો હોય, આ રસ્તો ખુલ્લો થવાથી ડભોલી વિસ્તારમાં રહેતાં લોકોને ટ્રાફીકની સમસ્યામાંથી મહદ્અંશે મુકિત મળશે. સદર રસ્તાના ટ્રાફિકના પ્રશ્નો બાબતે સ્થાનિક રહીશો, નગરસેવકો તેમજ ધારાસભ્યશ્રીઓની પણ રજુઆતો હતી.

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૨૪/૦૧/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સંસ્થાઓની સ્થળ તપાસ કરી કુબેર બ્રાંડ ઓઈલનાં નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવેલ છે તેમજ આશરે ૨૬૦ લિટર ઓઈલનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે, જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | શ્રી નાકોડા ભૈરવ ટ્રેડર્સ | જગદંબા નગર, વડોદગામ, સુરત. | કુબેર રાઈસ બ્રાન ઓઈલ |
| ૨. | યશપાલ નેમીચંદ એન્ડ કંપની | પ્લોટ નં.૩૬, આદર્શનગર, ભેસ્તાન, સુરત. | કુબેર રાઈસ બ્રાન ઓઈલ |
| ૩. | વિનોદ ટ્રેડર્સ | પ્લોટ નં.૩, હમીદ નગર, ઉન,સુરત. | કુબેર રાઈસ બ્રાન ઓઈલ |
| ૪. | એમ.એસ. વિશાલ ટ્રેડીંગ કંુ | ગીલીટવાલા બિલ્ડીંગ,એ.કે.રોડ,સુરત. | કુબેર રાઈસ બ્રાન ઓઈલ |
| ૫. | લલિત ઓઈલ ટ્રેડર્સ | વરાછા કો. ઓપ.હાઉસીંગ સોસા.,નાના વરાછા, સુરત. | કુબેર રાઈસ બ્રાન ઓઈલ |
| ૬. | તિરૂપતી ટ્રેડર્સ | નીલગીરી રોડ,લિંબાયત,સુરત. | કુબેર એક્ષપ્રેસ મસ્ટર્ડ ઓઈલ |

# પ્રે સ નો ટ

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૨૩/૦૧/૨૦૧૯નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સેનટ્રલ ઝોન વિસ્તારમાં સંસ્થાઓની સ્થળ તપાસ કરી ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ–૨૦૦૬ હેઠળનાં લાયસન્સ/રજીસ્ટ્રેશન વગર કાર્યરત કુલ–૧૦ સંસ્થાઓને બંધ કરાવવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનુ નામ | સરનામુ | રીમાકર્સ |
|---|---|---|---|
| ૧. | એકતા બેકરી | રામપુરા ચાર રસ્તા, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૨. | પૂજા કરીયાણા સ્ટોર્સ | લાલમીયાં મસ્જીદ રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૩. | જનતા આઈસક્રીમ | રામપુરા પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૪. | આર.એમ.પાન કોલ્ડ્રીંકસ | રામપુરા પેટ્રોલ પંપની સામે, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૫. | યાદગાર જયુશ સેન્ટર | જેરામ પસ્તાગીયા રોડ,ચાકી શેરી, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૬. | મરહબા બેકરી | લાલમીયાં મસ્જીદ રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૭. | શ્રી શીવ શંકર કરીયાણા એન્ડ જનરલ સ્ટોર્સ | લાલમીયાં મસ્જીદ રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૮. | કે.જી.એન.પ્રોવીઝન સ્ટોર્સ | લાલમીયાં મસ્જીદ રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૯. | સોહીલ ફાઉન્ટેન સોડા | લાલમીયાં મસ્જીદ રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |
| ૧૦. | ચાંદ બેકરી | રોહીત ફળીયું, રામપુરા, સુત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૧. | શાન બેકરી | રોહીત ફળીયું, રામપુરા, સુત. | સંસ્થા ચેક કરેલ છે. |
| ૧૨. | કીરીટભાઈ કાંતીલાલા માંજરાવાલા (કરીયાણા સ્ટોર્સ) | લાલમીયાં મસ્જીદ રોડ, સુરત. | સંસ્થા બંધ કરાવેલ છે. |

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૯ની ઉધના ઝોન વિસ્તારમાં ઉજવણી

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ની ઉધના ઝોન વિસ્તારમાં ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વિજયાનગર સ્ટેડિયમ, સુમન શાળા નં.૧ની બાજુમાં, ઉધના, સુરત ખાતે માન.મેયરશ્રી ડૉ. જગદીશ પટેલના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. પ્રજાસત્તાક પર્વના અવસરે તા.૨૬/૦૧/૨૦૧૯ના રોજ સવારે ઉધના ઝોન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની અને સુમન શાળા સેલના વિદ્યાર્થીઓની ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથેની પ્રભાત ફેરી સ્વરૂપે ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકા ફાયર વિભાગ તથા વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયુરીટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે ત્રિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ધ્વજવંદન બાદ યોજાનાર સન્માન સમારોહમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત તા.૧૧/૦૧/૨૦૧૯ના રોજ ખટોદરા કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ ચિત્રકામ અને વેશભૂષા હરિફાઈના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ શહેરના રમતવીરો/કલાકારોને ચેક અને સ્મૃતિભેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. સન્માનિત થનાર રમતવીરો/કલાકારોને સવારે ૯.૦૦ કલાક પહેલાં રજીસ્ટ્રેશન કરાવી બેચ મેળવી લેવાનો રહેશે.

આ પ્રજાસત્તાક દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણી માટે ઉધના ઝોન વિસ્તારની સુમન શાળા સેલ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓનો દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ધ્વજવંદન સ્થળ વિસ્તારમાં આવેલ રોડ ડિવાઈડરોને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે તા.૨૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ સુધી આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો''વિદ્યા–૨૦૧૯'' રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો''સુમન–૨૦૧૯'' શિલ્પગ્રામ મેળો'' શિલ્પગ્રામ–૨૦૧૯''નું ઉદ્દઘાટન ગુજરાતી કવિ,નાટયકાર અને વિવેચક પ્રમુખ,ગુજરાતી સાહિત્ય પરિષદ પદ્મશ્રી સિતાંશુ યશશ્ચન્દ્રના વરદ્દહસ્તે તથા માન.મેયર ર્ડા.જગદીશ પટેલના પ્રમુખ સ્થાને આજ રોજ કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે સ્વાગત પ્રવચ કરતા માન.મેયર ર્ડા.જગદીશ પટેલે જણાવ્યું કે સમગ્ર દેશ ગૌરવ લઈ શકે તેવા ૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો,૧૬મો રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો'' ૮મો'' શિલ્પગ્રામ મેળામાં ઉપસ્થિત તમામને હું આવકારુ છુ. ગુજરાતી કવિ,નાટયકાર અને વિવેચક પ્રમુખ,ગુજરાતી સાહિત્ય પરિષદ પદ્મશ્રી સિતાંશુ યશશ્ચન્દ્રને હાલમાં સરસ્વતી પુરસ્કાર અર્પણ કરવામાં આવેલ છે.પ્રાથમિક સુવિધાઓ તમામ મહાનગરપાલિકા પુરી પાડે છે પરંતુ સુરત મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધાની સાથે સાથે નવરાત્રી મળોઓ,પુસ્તક મેળોઓ તેમજ અન્ય મેળાઓનુ પણ આયોજન કરે છે આ પ્રવૃતિઓ સુરત શહેરને ધબકતુ રાખે છે.સુરત મહાનગરપાલિકા વર્ષ ૨૦૦૧ થી આ પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે.૫ (પાંચ ) દિવસ ચાલતા આ પુસ્તક મેળામાં દક્ષિણ ગુજરાતમાંથી ૩ લાખ લોકો મુલાકાતે આવે છે.પુસ્તકના વિક્રતાઓ ભાગ લેવા પડાપડી કરે છે જેનો અર્થ થાય છે કે સુરત તેમજ અન્ય શહેરના લોકો પણ પુસ્તકનો મોટી સંખ્યામાં ખરીદી કરે છે.કલાકારો પોતાની અભિવ્યકિત શિલ્પ ધ્વારા પણ કરે છે શિલ્પએ આખા પુસ્તક બારાબર છે.પુસ્તક મેળો,ફલાવર શો અને શિલ્પગ્રામ મેળોએ ત્રિવેણી સંગમ છે.

ગુજરાતી કવિ,નાટયકાર અને વિવેચક પ્રમુખ,ગુજરાતી સાહિત્ય પરિષદ શ્રી પદ્મશ્રી સિતાંશુ યશશ્ચન્દ્રનું માન.મેયર ર્ડા.જગદીશ પટેલે  તેમજ માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને શાલ તથા પુસ્તક આપી સ્વાગત કર્યુ હતુ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશએ તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું કે જે ગૃહિણીઓ પુસ્તક મેળાની મુલાકત લે છે તેમણે પુસ્તક ખરીદવું જોઈએ અને તેનુ વાંચન પણ કરવુ જોઈએ પુસ્તકો વિના ઘર ન શોભે,સુરત મહાનગરપાલિકાએ પુસ્તક મેળામાં સમયની સામે ફલાવર શો,શિલ્પગ્રામ મેળોઓ યોજી તેને ભવ્ય બનાવતુ ગયુ.સુરત મહાનગરપાલિકાએ પુસ્તક મેળાનું આયોજન કરીને તેને આતરરાષ્ટ્રીય કક્ષાએ મૂકી દીધુ છે.

ગુજરાતી કવિ,નાટયકાર અને વિવેચક પ્રમુખ,ગુજરાતી સાહિત્ય પરિષદ શ્રી પદ્મશ્રી સિતાંશુ યશશ્ચન્દ્રે તેમના ઉદ્દબોધનમાં હતુ કે સુરત મહાનગરપાલિકાના રાષ્ટ્રીય પુસ્તક મેળાના ૧૮ વર્ષ થયા તેનો મહિમા સુરતના

લોકો જ જાણે છે.સુરત મહાનગરપાલિકાના આ પુસ્તક મેળામાં દર વર્ષ નવુ ને નવુ ઉમેરાતુ જાય છે.આ પુસ્તક મેળાઓ રાજય,સત્તા અને ધર્મને સૌંદર્યની વાણી બોલતા શીખવે છે.રાજય પ્રજાની ભાષા બોલે છે ત્યારે સુવર્ણ યુગ આવે છે.પુસ્તક મેળાની કલ્પના કરનાર તે સમયના શાસકોને પણ અભિનંદન પાઠવુ છુ.પેરિસ પછી સુરત શહેર એવુ  છે જે ઘણા વર્ષોથી રંગભૂમિના અજોડ કાર્યક્રમો કરે છે.નાટય સ્પર્ધામાં કયુ નાટક શ્રેષ્ઠ છે તે પ્રજા નકકી કરે છે.નાટકના વિજેતાઓને પુરસ્કાર નહિ પારિતોષિક આપે છે.પુસ્તક માટે ગ્રંથ શબ્દ છે જે ઘટના,પદાર્થને ગ્રંથિ માંથી છોડાવે છે.

હાલમાં લોકો પુસ્તકો પ્રત્યનુ વલણ બદાલયુ છે સુખી કેમ થવુ,મિત્રતા કેવી રીતે કરવી, દુખ માંથી બચવાના ઉપાય, સફળતા માટેના મંત્રો આવા પ્રકારના પુસ્તકો પસંદ કરે છે પરંતુ કોઈ પુસ્તક તમને કેવી રીતે સુખી કરી શકે,કેવી રીતે સફળ કરી શકે એ માટે તો તમારે પોતે પોતાનુ ભવિષ્ય બનાવુ પડશે,આપણે પોતાના ઉપર વિશ્વાસ રાખતા શીખીએ.સુરત શહેરના આ પુસ્તક મેળાને જોઈને લાગી રહયુ છે કે પેરીસના લોકો પણ સુરત મહાનગરપાલિકાનો પુસ્તક મેળો જોવા આવે.

માન.ડે.મેયર શ્રી નિરવ એસ.શાહે આભાર વ્યકત કરતા જણાવ્યુ હતુ કે  દરેક આ પુસ્તક મેળાની મુલકાતે લેવી જોઈએ અને એક પુસ્તક તો ખરીદવુ જોઈએ અને વાંચવુ જોઈએ એવા સંકલ્પ કરીએ.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રી વિવેકભાઈ પટેલ,માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી અનિલાભાઈ ગોપલાણી,માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ,પત્રકારશ્રીઓ/ પ્રકાશકો તથા મોટી સંખ્યામાં જાહેર જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.






સુરત મહાનગરપાલિકા
કવિશ્રી નર્મદ સરસ્વતી મંદિર

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તકમેળાના સેમીનાર હોલમાં તા.૨૪/૦૧/૨૦૧૯ના રોજ યોજાયેલ સ્પર્ધાઓના પરિણામ બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ, ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

તા.૨૪/૦૧/૨૦૧૮ના રોજ માન.મેયરશ્રી ડો. જગદીશ પટેલના પ્રમુખપદે, પદાધિકારીશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં પદ્મશ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર, પ્રમુખશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી કવિ, નાટયકાર અને વિવેચકના વરદ હસ્તે ખુલ્લા મુકવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતનતેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારોને પ્રોત્સાહન આપી તેમનામાં છુપાયેલી સર્જનશીલતાને બહાર લાવવા વિવિધ આયોજનો અને સ્પર્ધા યોજવામાં આવે છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં બપોરે ૩.૦૦ કલાકે કોલેજ વિભાગ અને ખુલ્લા વિભાગની બુક રીવ્યુ કોમ્પીટીશન તથા સાંજે ૭.૦૦ કલાકે ધો.૫ થી ૧૨ની ગૃપ ડિસ્કશન કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ હતું. બુક રીવ્યુ કોમ્પીટીશનમાં ૩૦ જેટલા સ્પર્ધકો અને ગૃપ ડિસ્કશન કોમ્પીટીશનમાં ૧૭ શાળાઓના ૩૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેનું પરિણામ નીચે મુજબ છે.

| બુક રીવ્યુ કોમ્પીટીશનનું પરિણામ | | | ગૃપ ડિસ્કશન કોમ્પીટીશન |
|---|---|---|---|
| વિજેતા ક્રમ | કોલેજ વિભાગ | ખુલ્લો વિભાગ | ધો. ૫ થી ૧૨ |
| પ્રથમ | જીગ્નેશ સોલંકી (મહાશ્વેતા – સુધા મૂર્તિ) | ડો.ફાલ્ગુની શાહ (મૈ હું ઝુમરૂ – કમલ ધિમાન) | જીવનભારતી વિદ્યાલય |
| દ્વિતીય | દિવ્યાંગ એન સોલંકી (અણસાર – વર્ષા અડાલજા) | હિમાંશુ જાની (આત્મકથા– મોહનદાસ કરમચંદ ગાંધી) | અક્ષજયોતિ વિદ્યાલય |
| તૃતીય | ભૌતિક જે. પાટડિયા (તત્વમસી – ધ્રુવ ભટ્ટ) | નિવા દવે (મુકિતવૃતાંત – હિમાંશી શેલત) | લોર્ડ ક્રિષ્ના શાળા |
| આશ્વાસન | નીશિ શાહ (Pride & Prejudice - Gean Austin) | નેન્સી મેવાવાલા (ધ લેજન્ડ ઓફ લક્ષ્મીદાસ) | માધવબાગ વિદ્યાભવન |
| | સાદિયા કુંદા (Slum Dog Milionair) | ડો. અનામિકા તલેશિયા (સત્યના પ્રયોગો – ગાંધીજી) | |

આ મેળામાં પ્રવેશ વિનામુલ્યે રાખવામાં આવેલ છે અને મેળાનો સમય સવારે ૧૧ કલાક થી રાત્રે ૧૦ કલાક સુધીનો રહેશે. હવે પછી "જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે સેમીનાર હોલમાં યોજાનાર નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક રસાસ્વાદને માણવા" જાહેર જનતાને નિમંત્રણ છે તથા અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ તમામ સ્પર્ધકોને સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

| ક્રમ | તારીખ / વાર | સ્પર્ધા / કાર્યક્રમ | |
|---|---|---|---|
| | | બપોરે ૩.૦૦ કલાકે | સાંજે ૭.૦૦ કલાકે |
| ૧ | ૨૫/૦૧/૨૦૧૯ શુક્રવાર | રંગપુરણી સ્પર્ધા (ધો.૧ થી ૪) | જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશન (ધો.૮ થી ૧૨) |
| ૨ | ૨૬/૦૧/૨૦૧૯ શનિવાર | – | દેશભકિત આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન (ધો. ૫ થી ૧૨) |
| ૩ | ૨૭/૦૧/૨૦૧૯ રવિવાર | સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા (ધો.૫ થી ૧૨) | કરાટે / યોગા શો |
| ૪ | ૨૮/૦૧/૨૦૧૯ સોમવાર | ચિત્રકામ સ્પર્ધા (ધો.૯ થી ૧૨ અને ખુલ્લો વિભાગ) | ચાન્સ એકેડમી દ્વારા ઓરકેસ્ટ્રા કાર્યક્રમ |

ઉપરોકત તમામ સ્પર્ધાના વિજેતાઓનો ઈનામ વિતરણ સમારોહ તા.૨૮/૦૧/૨૦૧૯ના રોજ સાંજે ૬.૩૦ કલાકે પુસ્તક મેળાના સેમીનાર હોલમાં કરવામાં આવશે.

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

## ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨(શાહપોર), નોંધ નં.૫૭૩ માં " વિરેન્દ્ર ટેક્ષ્ટોરીયમ " ના મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની મંજુરી લીધા વિના ભોંયતળિયા + ૦૩ માળની મિલ્કતનું ગોડાઉન બનાવવાનાં કોમર્શીયલ હેતુસરનું બાંધકામ શરૂ કરેલ. જે ગેરકાયદેસર બાંધકામ તા.૨૫/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ તથા દબાણ ખાતા ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી દુર કરવામાં આવેલ. જે અંતર્ગત આશરે ૧૬૦૦ ચો.ફુટ ગેરકાયદેસર કોમર્શીયલ હેતુસરનાં બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ.

સદર બાંધકામમાં અગાઉ તા.૦૫/૧૨/૧૮ ના રોજ પણ ડિમોલીશન હાથ ધરવામાં આવેલ. તેમ છતા મિલ્કતદારો ધ્વારા ફરીથી બાંધકામ કરતા અત્રેથી આજરોજ ડિમોલીશનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ), એલ.પી.સવાણી રોડ પર ખોદાણ દરમ્યાન નીકળેલ વધારાની માટી ઉંચકવા તાકીદ કરવા છતાં **'' ભારતી એરટેલ કંપની ''** ધ્વારા માટીના ઢગલા ઉપાડવામાં બેદરકારી દાખવી, વિલંબ કરવામાં આવેલ હોય, સુરત મહાનગરપાલિકા ધ્વારા નોટીસ ઈસ્યુ કરી તા.૨૫/૦૧/૨૦૧૯ ના રોજ રૂ.૫૦,૦૦૦/– દંડ પેટે વસુલ કરવામાં આવેલ છે.

**સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના તથા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના રોડ વિભાગના ડેપ્યુટી ઈજનેર/જુની ઈજનેર/સુપરવાઈઝર ધ્વારા સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.**

# **પ્રે સ નો ટ**

ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા કલીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે સમગ્ર ભારતમાં અમદાવાદ ખાતે આવેલ કાંકરીયા તળાવને પ્રથમ કલીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે જાહેર કરવામાં આવેલ હતુ. ત્યારબાદ સુરત મહાનગરપાલિકાએ પણ કલીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે ઉમેદવારી નોંધાવવામાં આવેલ હતી. જેનાં અનુસંધાને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીનાં અધિકારીઓ દ્વારા તા.૨૧/૧૧/૨૦૧૮ અને તા.૦૭/૦૧/૨૦૧૯ નાં રોજ ગોપીતળાવ ખાતે ઓડીટ કરવામાં આવેલ હતુ. જેનાં અનુસંધાનમાં સુરતનું ગોપીતળાવ તમામ કસોટીમાં ખરૂ ઉતરતાં ભારતમાં ગુજરાત રાજયની બે કલીન સ્ટ્રીટ ફુડ હબ જાહેર કરવામાં આવેલ હતુ. જેમાં સુરત ખાતેનાં ગોપીતળાવ અને અમદાવાદ ખાતે આવેલ અર્બન ચોકને કલીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

સુરતનાં ગોપીતળાવને કલીન સ્ટ્રીટ ફુડ હબ તરીકે જાહેર કરી તા.૨૮/૦૧/૨૦૧૯ નાં રોજ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી ખાતે એવોર્ડ એનાયત કરવામાં આવશે.

૭૧૬

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. હાલમાં બી.આર.ટી.એસ. ના કુલ ૯ કોરિડોર મળીને આશરે દૈનિક ૧,૦૫,૦૦૦ થી વધુ પેસેન્જરો તેમજ સીટીબસ ના કુલ ૩૪ રૂટ ઉપર આશરે દૈનિક ૧,૦૦,૦૦૦ પેસેન્જરો મળી કુલ ૨,૦૫,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

જાહેર પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા હાલમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે, જેને ધ્યાનમાં લઈ સુરત મહાનગરપાલિકા દ્વારા નવા એક (૧) રૂટ નં ૨૨૬ તા. ૨૬/૦૧/૨૦૧૯ ના રોજથી શરૂ કરવામાં આવનાર છે. જે મુજબ રૂટ કોસાડ ગામ થી VNSGU યુનિવર્સીટી વાયા અમરોલી ચાર રસ્તા, ગજેરા સર્કલ, SMC મુખ્ય કચેરી, અઠવાગેટ, પાર્લેપોઇન્ટ, SVNIT અને પીપલોદ થઇ VNSGU યુનિવર્સીટી સુધી નાં વિસ્તારને આવરી લેવામાં આવશે. આ રૂટ શરૂ કરવાથી રૂટમાં આવનાર વિસ્તારના લોકોને તેમજ કોસાડગામ ગામ રહેવાસીઓને VNSGU યુનિવર્સીટી સુધી સીટી બસ સેવાનો લાભ મળશે.

આ રૂટ તા. ૨૬/૦૧/૨૦૧૯ નાં રોજથી શરૂ કરવામાં આવનાર હોય જાહેર જનતાને સદરહુ રૂટની બસ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

૭૧૭

## :: પ્રેસનોટ ::

### સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૯ની ઉધના ઝોન વિસ્તારમાં ભવ્ય ઉજવણી

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ની ઉધના ઝોન વિસ્તારમાં ભવ્ય ઉજવણી

ભારતના રાષ્ટ્રીયપર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી–૨૦૧૯ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વિજયાનગર સ્ટેડિયમ, ઉધના, સુરત ખાતે ધ્વજવંદન કાર્યક્રમ, સન્માન સમારોહ અને દેશભકિતસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક પર્વની સુવર્ણમયી સવારે ઉધના ઝોન વિસ્તારની સુમન શાળા સેલ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓ બેન્ડની સુમધુર ધુન, ટેબ્લોઝ અને નારા સાથે પ્રભાત ફેરી સ્વરૂપે ધ્વજવંદન સમારોહમાં જોડાયા હતા. રાષ્ટ્રભકિતસભર વાતાવરણમાં માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગાન સાથે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી. માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલએ પ્રસંગોચિત્ત ઉદબોધનમાં પ્રારંભે રાષ્ટ્રના મજબુત અને ઝડપી વિકાસમાં સુરત શહેર આગેકુચ કરી રહયું છે. એમ જણાવ્યું હતું. રાષ્ટ્રની આઝાદીમાં ફાળો આપનાર આપણા રાષ્ટ્રના મહાપુરૂષોના સંઘર્ષના ફળસ્વરૂપે આપણને સ્વાતંત્ર્ય સુરાજય પ્રાપ્ત થયું છે. સુરત સોનીની મૂરતની સાથે 'વિકાસ મોડલ ' તરીકે પણ વિશ્વમાં પ્રચલિત થયું છે. સુરત મહાનગરપાલિકાની ઈ'ગર્વનન્સ'ની સેવાઓના ઉપયોગને લીધે વર્ષ : ૨૦૧૬માં 'ડિજીટલ ઈન્ડીયા–૨૦૧૬'નો એવોર્ડ અને વિવિધ સેવાઓ માટે એવોર્ડ પ્રાપ્ત કરેલ છે તથા વિવિધ યોજનાઓ થકી જનોની સુખાકારી વધવા અંગે જણાવ્યું હતું. સુરત મહાનગરપાલિકા પ્રાથમિક સુવિધાઓ સાથે કળા, સંગીત, નૃત્ય ક્ષેત્રે પણ વિવિધ કાર્યક્રમોના આયોજન થકી નગરજનોને મનોરંજનની સેવા પુરી પાડે છે. ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલ તેમજ ભારત દેશની આઝાદી માટે યોગદાન બલિદાન આપનાર તમામ પુણ્યાત્માઓ અને શહીદોને સલામી અને શ્રધ્ધાંજલિ અર્પી સુરત શહેર સદાય સર્વાંગી સિકાસની બાબતમાં અગ્રેસર રહેવાની સંકલ્પબધ્ધતા વ્યકત કરી હતી. બાદમાં પ્રજાસત્તાક પર્વની શુભકામના અને હર્ષોલ્લાસ સાથે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ અને મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારાસન,આઈ.એ.એસ.,એ ત્રિરંગી ફુગ્ગાઓને અનંત ગગનમાં વિહરતા કર્યા હતા.

પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત તા.૧૧/૦૧/૨૦૧૯ના રોજ ખટોદરા કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલ ચિત્રકામ અને વેશભૂષા હરિફાઈના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જયારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ શહેરના ૧૩૧ રમતવીરો/કલાકારોને રોકડ પુરસ્કાર અને સ્મૃતિભેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગણતંત્રદિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણીમાં ધ્વજવંદનની સાથે ઉધના ઝોન વિસ્તારની સુમન શાળા સેલ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓએ રજુ કરેલ દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યકમમાં પ્રથમ શ્રી મણીબેન પટેલ નગર પ્રાથમિક શાળા નં. ૧૯૮ની બાળાઓએ સ્વાગત ગીત રજુ કર્યુ હતું. શ્રીમતી વિરમતીબેન ફકીરચંદ પ્રાથમિક શાળાએ દેશદાઝથી ભરેલા ગીતની કૃતિ રજુ કરી હતી. માતૃભૂમિ વિદ્યાલયના બાળકોએ અંગમરોડ અને દિલધડક સ્ટંટ સાથે વિવિધ આકારના પિરામિડ નિદર્શનથી લોકોના દિલ જીતી લીધાં હતાં. સુમન શાળા નં.૬ની બાળાઓએ જોગવા ડાન્સ રજુ કરી લોકસંસ્કૃતિની ઝાંખી કરાવી હતી. સુમન હાઈસ્કૂલ નં.૧ના વિદ્યાર્થીઓએ દેશદાઝથી ભરેલા સુનો ગોરસે દુનિયાવાલો..... દેશદાઝથી ભરેલા ગીતની કૃતિ પર સૌને દેશપ્રેમના રંગમાં તરબોળ કર્યા હતા તથા લિટલ સ્ટાર સ્કૂલના બાળકોએ લોકસંસ્કૃતિ અને દેશદાઝથી ભરેલી કૃતિઓ રજુ કરી દેશભકિતનો અનેરો નઝારો ખડો કર્યો હતો.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં માન.મેયરશ્રી ડો.જગદીશ પટેલ, સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ડે.મેયરશ્રી નિરવ એસ.શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુ.કમિશનરશ્રી એમ.થેન્નારાસન,આઈ.એ.એસ.,શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, શાસક પક્ષના દંડકશ્રીમતી દક્ષાબેન જરીવાળા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

સમાચારયાદી નં.૭૧૭ , તા.૨૭/૦૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.




સુરત મહાનગરપાલિકા




સુરત મહાનગરપાલિકા
ઉજવણી




ઉજવણી

## :: પ્રેસનોટ ::

### "સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાયેલ સ્પર્ધાઓના પરિણામ બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ, ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતનતેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારોને પ્રોત્સાહન આપી તેમનામાં છુપાયેલી સર્જનશીલતાને બહાર લાવવા વિવિધ આયોજનો અને સ્પર્ધા યોજવામાં આવે છે.

જે અંતર્ગત તા.૨૫/૦૧/૨૦૧૯ના રોજ પુસ્તક મેળાના સેમીનાર હોલ ખાતે બપોરે ધો.૧ થી ૪ની રંગપુરણી સ્પર્ધા તથા સાંજે ધો.૮ થી ૧૨ની જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશનનનું આયોજન કરવામાં આવેલ હતું. આ રંગપુરણી સ્પર્ધામાં ૪૫૦થી પણ વધુ બાળકોએ તથા જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશનમાં ૩૦થી પણ વધુ શાળાઓએ ભાગ લીધેલ હતો.તા.૨૬/૦૧/૨૦૧૯ના રોજ ધો. ૫ થી ૧૨ના વિધાર્થીઓ માટે દેશભકિત આધારિત ગ્રુપ ડાન્સ કોમ્પીટીશનનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કોમ્પીટીશનમાં ૨૦થી પણ વધુ શાળાઓએ ભાગ લીધેલ હતો. તા.૨૭/૦૧/૨૦૧૯ના રોજ ધો. ૫ થી ૧૨ના વિધાર્થીઓ માટે સર્જનાત્મક કારીગીરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. આ કોમ્પીટીશનમાં ૪૭૦થી પણ વધુ પણ વધુ વિધાર્થીઓએ ભાગ લીધેલ હતો.

આ મેળામાં પ્રવેશ વિનામુલ્યે રાખવામાં આવેલ છે અને મેળાનો સમય સવારે ૧૧ કલાક થી રાત્રે ૧૦ કલાક સુધીનો રહેશે. હવે પછી "જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે સેમીનાર હોલમાં યોજાનાર નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક રસાસ્વાદને માણવા" જાહેર જનતાને નિમંત્રણ છે તથા અગાઉથી રજીસ્ટ્રેશન કરાવેલ તમામ સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

| ક્રમ | તારીખ / વાર | સ્પર્ધા / કાર્યક્રમ | |
|---|---|---|---|
| | | બપોરે ૩.૦૦ કલાકે | સાંજે ૭.૦૦ કલાકે |
| ૧ | ૨૭/૦૧/૨૦૧૯<br>રવિવાર | સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા<br>(ધો.૫ થી ૧૨) | કરાટે / યોગા શો |
| ૨ | ૨૮/૦૧/૨૦૧૯<br>સોમવાર | ચિત્રકામ સ્પર્ધા<br>(ધો.૯ થી ૧૨ અને ખુલ્લો વિભાગ) | –વિજેતાઓનો ઈનામ વિતરણ સમારોહ<br>–ચાન્સ એકેડમી દ્વારા ઓરકેસ્ટ્રા કાર્યક્રમ |

તા.૨૪–૦૧–૨૦૧૯થી તા.૨૭–૦૧–૨૦૧૯ સુધી યોજાયેલ સ્પર્ધાઓનું પરિણામ નીચે મુજબ છે.

### "સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"

**તમામ સ્પર્ધાઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ તા.૨૮–૦૧–૨૦૧૯ના રોજ સાંજે ૬–૩૦ કલાકે**

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાયેલ તમામ સ્પર્ધાઓનું ઈનામ વિતરણ તા.૨૮–૦૧–૨૦૧૯ના રોજ સાંજે ૬–૩૦ કલાકે કરવામાં આવશે.

| તા.૨૪–૦૧–૨૦૧૯ના રોજ યોજાયેલ બુક રીવ્યુ કોમ્પીટીશનનું પરિણામ | | | ગ્રુપ ડિસ્કશન કોમ્પીટીશન |
|---|---|---|---|
| વિજેતા ક્રમ | કોલેજ વિભાગ | ખુલ્લો વિભાગ | ધો. ૫ થી ૧૨ |
| પ્રથમ | જીગ્નેશ સોલંકી<br>(મહાશ્વેતા – સુધા મૂર્તિ) | ડો.ફાલ્ગુની શાહ<br>(મે હું ઝુમરૂ – કમલ ધિમાન) | જીવનભારતી વિદ્યાલય |
| દ્વિતીય | દિવ્યાંગ એન સોલંકી<br>(અણસાર – વર્ષા અડાલજા) | હિમાંશુ જાની<br>(આત્મકથા– મોહનદાસ કરમચંદ ગાંધી) | અક્ષજયોતિ વિદ્યાલય |
| તૃતીય | ભૌતિક જે. પાટડિયા<br>(તત્વમસી – ધ્રુવ ભટ્ટ) | નિવા દવે<br>(મુકિતવૃતાંત – હિમાંશી શેલત) | લોર્ડ ક્રિષ્ના શાળા |
| આશ્વાસન | નીશિ શાહ<br>(Pride & Prejudice - Gean Austin) | નેન્સી મેવાવાલા<br>(ધ લેજન્ડ ઓફ લક્ષ્મીદાસ) | માધવબાગ વિદ્યાભવન |
| | સાદિયા કુંદા<br>(Slum Dog Milionair) | ડો. અનામિકા તલેશિયા<br>(સત્યના પ્રયોગો – ગાંધીજી) | |

| તા.૨૫–૦૧–૨૦૧૯ના રોજ યોજાયેલ રંગપૂરણી સ્પર્ધાનું પરિણામ (ધો.૧ થી ૪) | | | જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશન (ધો. ૮ થી ૧૨) |
|---|---|---|---|
| વિજેતા ક્રમ | નામ | શાળાનું નામ | શાળાનું નામ |
| પ્રથમ | હિયા અલકેશ નાયક | લુડ્ઝ કોન્વેન્ટ સ્કુલ | આઈ. પી. સવાણી હાઈસ્કુલ |
| દ્વિતીય | માનસી એમ. બાંભણીયા | ભૂલકાભવન શાળા | સુરત સહકારી સ્પિનિંગ મિલ્સ |
| તૃતીય | પંકિત પ્રકાશભાઈ સેલર | જે.એચ.બી. સરદાર પ્રાયમરી ઈંગ્લિશ સ્કુલ | જીવનભારતી કુમારભવન |
| આશ્વાસન | મમતા રાજપુરોહિત | હિલ્સ હાઈસ્કુલ | સર વી. ડી. ટી. ગર્લ્સ હાઈસ્કુલ<br>વનિતા વિશ્રામ |
| | દિવ્યા દરજી | ભૂલકાભવન શાળા | |
| | કોમલ કલ્પેશભાઈ રાણા | શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળા | |
| | શુભી ડી. પાનસુરીયા | વી. એન. ગોધાણી ઈંગ્લિશ સ્કુલ | |
| | મહર્ષ એમ. પટેલ | એસ.ડી.જૈન. અંગ્રેજી મા.શાળા | |
| | આરવ ડી. પટેલ | ભૂલકાવિહાર શાળા | |
| | જાનકી ટી. પટેલ | વનિતા વિશ્રામ શાળા | |
| | બેગમવાલા ખાદીજા એમ. | એમ.એ. ગર્લ્સ ઈ.મી. શાળા | |

| તા.૨૬–૦૧–૨૦૧૯ના રોજ યોજાયેલ દેશભકિત આધારિત ગ્રુપ ડાન્સ કોમ્પીટીશન (ધો. ૫ થી ૧૨) | | તા.૨૭–૦૧–૨૦૧૯ના રોજ યોજાયેલ સર્જનાત્મક કારીગીરી સ્પર્ધા (ધો.૫ થી ૧૨) | |
|---|---|---|---|
| વિજેતા ક્રમ | શાળાનું નામ | નામ | શાળાનું નામ |
| પ્રથમ | વી.ડી.દેસાઈ પ્રા.શાળા | સાનવી તોગડીયા | રામકૃષ્ણ વિદ્યાભવન |
| દ્વિતીય | એસ્પાયર પબ્લિક સ્કુલ | દેવકી દેસાઈ | ભૂલકાભવન શાળા |
| તૃતીય | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિદ્યાલય,ગુજરાતી માધ્યમ | મુસ્કાન તવર | સેન્ટ માર્ક સ્કુલ |
| આશ્વાસન | પરમહંસ વિદ્યાભવન | ઉર્મિ શાહ<br>બન્ટી પટેલ | ગુરૂકુળ વિદ્યાપીઠ<br>રત્ના સાગર સ્કુલ |
| | સુરત પીપલ્સ બેંક હાઈસ્કુલ | જય કાપડીયા<br>વિશાલ ગવઈ | જીવનભારતી હાઈસ્કૂલ<br>એસ.પી.બી. સ્કૂલ,અમરોલી |
| | વીરમતીબેન ફકીરચંદશાહ પ્રાયમરી શાળા | કનક બાલાણી<br>હેત્વી તરસાડીયા<br>વંશિકા માતવાલા | સેન્ટ માર્ક સ્કુલ<br>વિદ્યાકુંજ શાળા<br>નગર પ્રાથમિક શાળા |

ઉપરોકત તમામ સ્પર્ધાના વિજેતાઓનો ઈનામ વિતરણ સમારોહ તા.૨૮/૦૧/૨૦૧૯ના રોજ સાંજે ૬.૩૦ કલાકે પુસ્તક મેળાના સેમીનાર હોલમાં કરવામાં આવશે.

સમાચારયાદી નં. ૭૧૮, તા.૨૭/૦૧/૨૦૧૯, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.







# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

**તા.૩૦/૦૧/૨૦૧૯ ને બુધવારના રોજ સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે.**

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧, તા.૨૦–૦૨–૧૯૭૬ થી વિદીત થઈ, દર વર્ષની જેમ તા.૩૦/૦૧/૨૦૧૯ ને બુધવારના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની મટન–બીફ વેચનાર તમામ લાયસન્સ હોલ્ડરોએ નોંધ લેવી.

## :: પ્રેસનોટ ::

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૯ના રોજ આયોજીત પુષ્પાંજલિ તથા ભજન કાર્યક્રમ.**

**સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજ્ય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે.**

# પ્રેસનોટ

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ભારત સરકારના વરદ હસ્તે તા.૩૦/૦૧/૨૦૧૯ના રોજ થનાર લોકાર્પણ / ખાતમુર્હત તથા જાહેર સમારંભમાં આવનાર આમંત્રિતો તથા નગરજનોના વાહનોના માટે નીચે મુજબના પ્લોટમાં પાર્કિંગની સુધારેલ વ્યવસ્થા કરવામાં આવેલ છે. અત્રેથી અગાઉ તા.૨૮/૦૧/૨૦૧૯ના પત્ર નં.ટ્રાફિક સેલ /આ.નં.૨૦૮૪ થી પાઠવવામાં આવેલ પ્રેસનોટની જગ્યાએ સુધારેલ પ્રેસનોટ આપવા વિનંતી છે.

| અ.નં. | પાર્કિંગ પ્લોટ | લોકેશન |
|---|---|---|
| ૧ | પાર્કિંગ પ્લોટ –A<br>(બસ પાર્કીંગ) | ખુશી ફાર્મ, સુરત –ડુમસ રોડ<br>(ડુમસ જતાં જમણી તરફે) |
| ૨ | પાર્કિંગ પ્લોટ –B<br>(વી.આઈ.પી. કાર પાર્કીંગ) | એરપોર્ટ ગેટની સામે, સુરત –ડુમસ રોડ<br>(ડુમસ જતાં જમણી તરફે) |
| ૩ | પાર્કિંગ પ્લોટ –C<br>(વી.આઈ.પી. કાર પાર્કીંગ) | એરપોર્ટ ગેટની સામે, સાયલન્ટ ઝોન રોડ<br>(સાયલન્ટ ઝોન જતાં ડાબી તરફે) |
| ૪ | પાર્કિંગ પ્લોટ –D<br>(રીર્ઝવ પાર્કીંગ) | સાયલન્ટ ઝોન રોડ<br>(સાયલન્ટ ઝોન જતાં જમણી તરફે) |
| ૫ | પાર્કિંગ પ્લોટ –E<br>(રીર્ઝવ પાર્કીંગ) | સાયલન્ટ ઝોન રોડ<br>(સાયલન્ટ ઝોન જતાં જમણી તરફે –કેનાલ રોડ) |
| ૬ | પાર્કિંગ પ્લોટ –F<br>(કોમન કાર તથા દ્વિ–ચક્રીય વાહનનું પાર્કીંગ) | ડીકેથલોન, સુરત –ડુમસ રોડ<br>(ડુમસ જતાં જમણી તરફે) |

જાહેર સમારંભના સ્થળ પાસે તથા આવવા જવાના મુખ્ય માર્ગ ઉપર અવ્યવસ્થા ન સર્જાય તે કારણસર તેમજ સુરક્ષા અને સલામતીને ધ્યાને લેતા ઉકત પ્લોટો સિવાય અન્ય કોઈ જગ્યાએ પાર્કિંગ કરવુ નહીં તથા યોગ્ય સહકાર આપવા તમામને વિનંતી કરવામાં આવે છે.

:: પ્રેસનોટ ::

**"સુરત મહાનગરપાલિકા આયોજીત ૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"**

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તક મેળાના સેમીનાર હોલમાં યોજાયેલ સ્પર્ધાઓ અને કાર્યક્રમ બાબત.

સુરત મહાનગરપાલિકા દ્વારા "૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, ૧૬મો રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો તેમજ ૮મો શિલ્પગ્રામ મેળા"નું આયોજન તા.૨૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતનતેમજ સંવર્ધન કરવા ઉપરાંત કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારોને પ્રોત્સાહન આપી તેમનામાં છુપાયેલી સર્જનશીલતાને બહાર લાવવા આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ, ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પુસ્તક મેળા દરમ્યાન અંદાજીત ૨,૯૭,૩૦૦ જેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી.

તા.૨૪/૦૧/૨૦૧૯ના રોજ માન.મેયરશ્રી ડો. જગદીશ પટેલના પ્રમુખપદે, પદાધિકારીશ્રીઓ, મુખ્ય મહેમાનશ્રીઓની વિશેષ ઉપસ્થિતિમાં પદ્મશ્રી સિતાંશુ યશશ્ચન્દ્ર, પ્રમુખશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાતી કવિ, નાટયકાર અને વિવેચકના વરદ હસ્તે ખુલ્લા મુકવામાં આવેલ આ પુસ્તક મેળાના સેમીનાર હોલમાં તા.૨૪/૦૧/૨૦૧૯ના રોજ બપોરે ૩.૦૦ કલાકે કોલેજ વિભાગ અને ખુલ્લા વિભાગની બુક રીવ્યુ કોમ્પીટીશન તથા સાંજે ૭.૦૦ કલાકે ધો.૫ થી ૧૨ની ગૃપ ડિસ્કશન કોમ્પીટીશન યોજવામાં આવી હતી. બુક રીવ્યુ કોમ્પીટીશનમાં ૩૦ જેટલા સ્પર્ધકો અને ગૃપ ડિસ્કશન કોમ્પીટીશનમાં ૧૭ શાળાઓના ૩૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તા.૨૫/૦૧/૨૦૧૯ના રોજ પુસ્તક મેળાના સેમીનાર હોલ ખાતે બપોરે ધો.૧ થી ૪ની રંગપુરણી સ્પર્ધામાં ૪૫૦ થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, તથા સાંજે ધો.૮ થી ૧૨ની જનરલ નોલેજ કવીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦થી વધુ શાળાના ૧૪૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તા.૨૬/૦૧/૨૦૧૯ના રોજ પુસ્તક મેળાના સેમીનાર હોલ ખાતે સાંજે દેશભકિત આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. જેમાં શહેરની ૨૦ શાળાઓએ દેશદાઝથી ભરેલી કૃતિઓ રજુ કરી ઉપસ્થિત નગરજનોને દેશપ્રેમના રંગમાં રંગ્યા હતા. તા.૨૭/૦૧/૨૦૧૯ના રોજ બપોરે સર્જનાત્મક કારીગરી સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ધો.૫ થી ૧૨ના ૨૭૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા વેસ્ટમાંથી એક એકથી ઉત્કૃષ્ટ નમુનાઓનું સર્જન કરી ઉપસ્થિતોને આશ્ચર્યમાં ગરકાવ કર્યા હતા. જયારે સાંજે યોજાયેલ કરાટે / યોગા શોમાં અંગમરોડ અને દિલધડક સ્ટંટ રજુ કરી ઉપસ્થિતોના મન મોહી લીધાં હતાં. તા.૨૮/૦૧/૨૦૧૯ના રોજ ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ અને ખુલ્લા વિભાગની ચિત્રકામ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં બન્ને વિભાગ મળીને ૨૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લઈ પુસ્તક મેળાની મુલાકાત, ગોપી તળાવની મુલાકાત, મારી કલ્પનાનું સ્વચ્છ સુરત, તાપી જળકુંભી પ્રદુષણ નાશ અભિયાન, બેટી બચાવો અને ધાર્મિક તહેવારોની ઉજવણી વિષય પર આકર્ષક કૃતિઓનું સર્જન કરી કલાનું કૌવત દાખવ્યું હતું. સ્પર્ધાને અંતે નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

| ચિત્રકામ સ્પર્ધાનું પરિણામ | | |
|---|---|---|
| વિજેતા ક્રમ | માધ્યમિક વિભાગ | ખુલ્લો વિભાગ |
| પ્રથમ | કેયુરી એન રાણોલિયા | રાજપુત જ્ઞાનેશ્વર |
| દ્વિતીય | ગોઠી જીગર એમ. | અતુલ કંથારીયા |
| તૃતીય | સાક્ષી અગ્રવાલ | અનંત ડી. ગજજર |
| આશ્વાસન | ભવ્યા એન. મહેતા | બિરારી કમલેશકુમાર એમ. |
| | અખીલ કાંતિભાઈ સંગાણી | |
| | અર્થ વી. પટેલ | |
| | શ્રેયા સી. ગુપ્તા | |
| | હર્ષિલ જગદસશભાઈ જોધાણી | |
| | કનોજીયા વિશાલ રમેશભાઈ | |

તા.૨૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ દરમ્યાન "૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"ના સેમીનાર હોલમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓનો ઈનામ વિતરણ સમારોહ તા.૨૮/૦૧/૨૦૧૯ના રોજ સાંજે ૬.૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ગાર્ડન સમિતિ અધ્યક્ષાશ્રી સુચિત્રાબેન પટેલ, મ્યુ.સભ્યશ્રી રમીલાબેન પટેલ, મ્યુ.સભ્યશ્રી રૂપલબેન શાહ, મેનેજરશ્રી એસ.આર.ખાન અને ડે.ગાર્ડન સુપ્રિટેન્ડન્ટશ્રી પરેશ રાંદેરીયાના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરી વિજેતાઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ચાન્સ એકેડમીનો ઓરકેસ્ટ્રા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪/૦૧/૨૦૧૯ થી તા.૨૮/૦૧/૨૦૧૯ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે "જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે" યોજાયેલ "૧૮મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા"ના સેમીનાર હોલમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનો મોટી સંખ્યામાં નગરજનોએ રસાસ્વાદ માણ્યો હતો.

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત</u> :–

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબનું મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે : –

(૧) સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૧૦૪૫, લુહારપોળ વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી ભરતકુમાર કાંતીલાલ ભુતવાલા અને અન્યો ધ્વારા સુરત મહાનગરપાલિકાના મંજુર કરાયેલ પ્લાન વિરુધ્ધ બાંધકામ કરતા અત્રેથી તા.૨૯/૦૧/૧૯ નાં રોજ સેન્ટ્રલ ઝોનના શહેર વિકાસ વિભાગ, દબાણ ખાતાનાં સ્ટાફ તથા સુરત મહાનગરપાલિકાનાં સિકયોરીટી સ્ટાફની મદદથી ડિમોલીશન કરવામાં આવેલ. જે અંતર્ગત પાંચમા માળનો આશરે ૯૦૦ ચો.ફુટ આર.સી.સી.સ્લેબ તથા ૩૦૦ ચો.ફુટ ચણતરની દિવાલ દુર કરવામાં આવેલ છે. જે અન્વયે મિલ્કતદાર પાસેથી કુલ રૂા.૫૦,૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

(૨) સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, નોંધ નં.૧૦૨૬ તથા નોંધ નં.૧૧૬૨, લુહારપોળ વાળી મિલ્કતોમાંથી ગ્રાઉન્ડ ફલોર પર દુકાન બનાવવાના હેતુથી લગાવેલ શટર દુર કરી ડિમોલીશન પેટે મિલ્કતદારો પાસેથી કુલ રૂા.૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.